RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 91, Dt.26-06-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભાના પ્રથમ દિવસે જ શાસક-વિપક્ષ વચ્ચે હંગામો



## ઓમ બિરલાએ સ્પીકર બનતાની સાથે જ કટોકટીની નિંદા કરી મૌન પડાવતાં વિપક્ષના સાંસદોએ કર્યો હંગામોઃ સ્પીકર ભાજપનો એજન્ડા ચલાવી રહ્યા હોવાનો વિપક્ષનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સ્પીકર તરીકે ચૂંટાયા બાદ ઓમ બિરલાએ ગૃહમાં ઈમર્જન્સીની નિંદા કરી હતી. તેમણે કહ્યું- ઈન્દિરા ગાંધીએ ઈમર્જન્સી લાદીને આંબેડકર દ્વારા બનાવેલા બંધારણનું અપમાન કર્યું હતું. સ્પીકરે પ્રસ્તાવ મૂકતાની સાથે જ વિપક્ષ અને પાર્ટીના સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા.

સ્પીકર ઓમ બિરલાએ ઈમર્જન્સી દરમિયાન જીવ ગુમાવનારાઓની યાદમાં બે મિનિટનું મૌન પાળવાનું કહ્યું હતું. શાસક પક્ષના સાંસદોએ મૌન પાળ્યું હતું, પરંતુ કોંગ્રેસ અને વિપક્ષના સાંસદોએ હંગામો મચાવ્યો હતો. કોંગ્રેસના સાંસદોએ આક્ષેપ કર્યો હતો કે સ્પીકર ભાજપનો એજન્ડા ચલાવી રહ્યા છે. મૌન પછી સ્પીકરે સંસદને ગુરુવાર સુધી સ્થગિત કરી દીધી હતી.

એનડીએના ઉમેદવાર ઓમ બિરલા બુધવારે ધ્વનિ મત દ્વારા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા હતા. પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી તેમને ખુરશી સુધી મૂકવા ગયા હતા. વિપક્ષે મતદાનની માંગણી કરી હતી. તેમના ઉમેદવાર કે. તે સુરેશ હતા. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે આ માંગને ફગાવી દીધી હતી.

ઓમ બિરલા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે તેમને ધ્વનિ મત દ્વારા વિજેતા જાહેર કર્યા હતા. આ પહેલાં ખુદ પીએમ મોદીએ તેમના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ડ્ઢ મોદીએ સંબોધન કરતા કહ્યું- ગૃહ ભાગ્યશાળી છે કે તમે બીજી વખત આ ખુરશી પર બેઠા છો. મારા વતી હું તમને અને આ સમગ્ર ગૃહને અભિનંદન આપું છું.ઓમ બિરલા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબે તેમને ધ્વનિ મત દ્વારા વિજેતા જાહેર કર્યા હતા. પીએમ નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી નવા સ્પીકરને ખુરશી સુધી મૂકવા ગયા હતા.આ પહેલાં ખુદ પીએમ મોદીએ તેમના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. ડ્ઢએ કહ્યું- ઓમ બિરલાનો અનુભવ દેશ માટે ઉપયોગી થશે.

# લોકસભાના સ્પીકર પદે ચુટાતા ઓમ બિરલાઃ ધ્વનિ મતથી ચૂંટણીમાં વિજેતા જાહેર

## નવી સરકારની રચના બાદ શાસક અને વિપક્ષ વચ્ચેના પ્રથમ રાજકીય ટકરાવમાં એનડીએનો વિજય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રમાં નવી સરકારની રચના બાદ શાસક અને વિપક્ષ વચ્ચેના પ્રથમ રાજકીય ટકરાવમાં એનડીએનો વિજય થયો છે. લોકસભાના અધ્યક્ષ તરીકે સતત બીજી ટર્મમાં ઓમ બીરલા ચૂંટાયા હતા. પરિણામ જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા વિપક્ષી નેતા રાહુલ ગાંધી નવનિયુક્ત અધ્યક્ષને તેમના આસન સુધી દોરી ગયા હતા.



લોકસભાની આજે કાર્યવાહી શરૂ થવાની સાથે જ અધ્યક્ષ પદની ચૂંટણીનો એજન્ડા હાથ પર લેવામાં આવ્યો હતો. નાયબ સ્પીકર પદ વિપક્ષને આપવાના ઈન્કારને પગલે વિરોધ પક્ષ એવા ઈન્ડીયા ગઠબંધને અધ્યક્ષ પદ માટે પણ ઉમેદવાર ઉભો રાખવાનો નિર્ણય લીધો હતો અને તે અંતર્ગત વિપક્ષી ઉમેદવાર તરીકે કે. સુરેશનું ફોર્મ ભરાવવામાં આવ્યું હતું.

સત્તાધારી એનડીએ દ્વારા ઓમ બીરલાને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. શાસક એનડીએ મોરચા પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન હોવાથી ઓમ બીરલાની જીત નિશ્ચિત ગણવામાં આવતી હતી છતાં ક્રોસ વોટીંગના આશાવાદ હેઠળ અને સરકારને પડકાર ફેંકવાના આશયથી અધ્યક્ષ પદ માટે વિપક્ષે ઉમેદવાર ઉભા રાખ્યા હતા.

લોકસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધ્યક્ષ પદ માટે ઓમ બીરલાના નામની દરખાસ્ત મુકી હતી. જ્યારે કે. સુરેશના નામની દરખાસ્ત શિવસેનાના સાંસદ અરવિંદ સાવંત દ્વારા મુકવામાં આવી હતી.

ધ્વનિ મતથી ચૂંટણી યોજવામાં આવી હતી કોંગ્રેસે વિપક્ષે મતવિભાજન માટે કોઇ માંગણી ન કરતાં ધ્વનિ મતના આધારે જ ઓમ બીરલાને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

લોકસભાના અધ્યક્ષ પદે ઓમ બીરલા ચૂંટાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા વિપક્ષી નેતા રાહુલ ગાંધી તેઓને અધ્યક્ષના આસન સુધી લઇ ગયા હતા અને અધ્યક્ષ પદે ચૂંટાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સતત બીજી વખત અધ્યક્ષ પદે બિરાજમાન થયા છો જે ગૃહ માટે ગૌરવની વાત છે. સમગ્ર ગૃહ વતી તમને અભિનંદન પાઠવું છું.

# રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર બેટીંગઃ વિસાવદરમાં ૪ાા ઈંચ વરસાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયમાં ગઇકાલે પણ મેઘરાજાએ ધમાકેદાર બેટીંગ કરી હતી ગઇકાલે કુલ ૧૨૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં ૮ તાલુકામાં ૨ ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. સૌથી વધુ પંચમહાલનાં કાલોલમાં ૫ ઇંચ તથા જુનાગઢના વિસાવદર તાલુકામાં કુલ ૪ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો.



કચ્છમાં ગત મોડી રાત્રે મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલ આંકડા પ્રમાણે મોડી રાત્રે ૧૨ થી ૨ વાગ્યા દરમ્યાન કચ્છમાં ૨ ઇંચથી વધુ વરસાદ ખાબકયો હતો. આ સાથે જ તાપી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વરસાદ પડયો હતો.

મોડી રાત્રે ૧૨ થી ૨ વાગ્યા દરમ્યાન કચ્છના માંડવીમાં ૪૫ મીમી, ભચાઉમાં ૫ મીમી, અંજાબ અને મુંદ્રામાં ૨-૨ મીમી, જામનગરમાં ૯ મીમી અને તાપીના નિઝરમાં ૭ મીમી વરસાદ ખાબકયો હતો. મળતા અહેવાલો મુજબ ખંભાળિયા પંથકના ચોમાસાની ઋતુની શરૂઆતથી જ મેઘરાજા મહેરબાન રહ્યા છે. ત્યારે ગત રવિવારે રાતથી સોમવારે સવાર સુધીમાં વરસી ગયેલા ચાર ઈંચ વરસાદ બાદ ગઈકાલે મંગળવારે પણ ગાજવીજ સાથે વધુ દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી જવા પામ્યો હતો.

ખંભાળિયા પંથકમાં મંગળવારે સવારથી ઉઘાડ તેમજ બફારાભર્યા માહોલ વચ્ચે સાંજે ઘટાટોપ વરસાદી વાતાવરણ છવાયું હતું અને સાંજે આશરે સાત એક વાગ્યાથી વીજળીના કડાકા ભડાકા સાથે મુશળધાર વરસાદ શરૂ થયો હતો અને કુલ ૩૫ મી.મી. (દોઢ ઈંચ જેટલું) પાણી વરસી જવા પામ્યું છે. ખંભાળિયાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સચરાચર ઝાપટા વરસ્યા છે. ધોધમાર વરસાદના પગલે શહેરના માર્ગો પર પાણી ચાલી નીકળ્યા હતા અને થોડો સમય લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી હતી.

આજે સવારથી સમગ્ર પંથકમાં વાતાવરણ ખુલ્લું રહ્યું હતું અને સૂર્યનારાયણના દર્શન થયા હતા. જો કે ગરમી ભર્યો માહોલ યથાવત રહ્યો હતો. મોસમનો કુલ વરસાદ ખંભાળિયામાં ૩૭૧, ભાણવડમાં ૧૦૩ કલ્યાણપુરમાં ૫૮ અને દ્વારકામાં ૪૪ મી.મી. થયો છે. જયારે વિસાવદર પંથકમાં ૧ થી ૪ ઈંચ વરસાદ થતા વિસાવદરમાં સીઝન નો કુલ વરસાદ ૭ ઈંચ થયો છે.

વિસાવદર એક દિવસના વિરામ બાદ ફરી મેઘરાજાનું જોરદાર આગમન થયું હતું જેમાં એકજ દિવસમાં ૪ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. મંગળવાર સવાર થીજ મેઘરાજા મન મૂકી વરસી ગયા હતા ત્યારે બાદ ફરી બપોરના ચારથી છ ના સમયમાં ૨ ઈંચ વરસાદ પડેલ હતો જેમાં સવાર છથી સાંજના છ શુધ્ધિ માં કુલ ૧૦૯ મીમી એટલે કે ચાર ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હતો જેના કારણે બસ સ્ટેન્ડ સહિતના ઘણા વિસ્તારમાં પાણી ભરાયાનું જાણવા મળ્યું હતું.

# નીટ પેપરલીક કૌભાંડમાં ભાજપ અને જેડીયુ નેતાના નામ ખુલતા ખળભળાટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મેડિકલ કોલેજોમાં એડમિશન માટેની ગઊઊઝનાં પેપર એક-બે નહીં પણ પાંચ રાજ્યોમાં ફૂટયાં હોવાનું અત્યાર સુધીની તપાસમાં બહાર આવતાં પહેલા લેવાયેલી પરીક્ષા રદ કરીને આખી પરીક્ષા નવેસરથી લેવાની માગ બુલંદ બની છે.




આ પેપર લીકમાં બિહાર ભાજપ અને જેડીયુના નેતાઓના ખાસ માણસોનાં નામ એક પછી એક ખૂલી રહ્યાં છે. આ કારણે શિક્ષણ મંત્રાલય પેપર લીક કૌભાંડીઓને છાવરી રહ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. પેપર ફોડીને કરાયેલા ભ્રષ્ટાચારનાં નાણાં લોકસભાની ચૂંટણીમાં વપરાયાં હોવાનો પણ આક્ષેપ થયો છે.

નીટ પેપર લીક કૌભાંડનો સૂત્રધાર સંજીવ મુખિયાનો પુત્ર શિવ ડોક્ટર છે જ્યારે અન્ય આરોપી સિકંદર યાદવની દીકરી અને જમાઈ પણ ડોક્ટર છે. આ બંને કૌભાંડ દ્વારા એડમિશન મેળવીને તો ડોક્ટર નથી બન્યાં ને એ સવાલ ઉઠયો છે. ડો. શિવ આ કેસમાં સંડોવાયેલો હોવા છતાં તેને બારોબાર જામીન મળી જતાં નીતિશ કુમાર અને ચિરાગ પાસવાન બંને શંકાના દાયરામાં છે.''

નીટ પેપર લીક કાંડનો બીજો સૂત્રધાર અમિત આનંદ બિહાર ભાજપના દિગ્ગજ નેતા ડો. સંજય જયસ્વાલનો કાર્યાલય મંત્રી છે. તેની પણ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથેની તસવીરો વાયરલ થઈ છે.

સંજીવ મુખિયાની પત્નિ મમતાની બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથેની તસવીરો વાયરલ થઈ છે. મમતા ૨૦૨૦માં ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટીનાં ઉમેદવાર તરીકે ચૂંટણી પણ લડયાં હતાં. સંજીવ મુખિયા અને મમતા ચિરાગ પાસવાનના ઘરે ગયેલાં તેની તસવીર પણ વાયરલ થઈ છે. સંજીવ મુખિયાએ બિહારમાં શિક્ષક ભરતીની પરીક્ષાનું પેપર લીક કર્યું હોવાનું કહેવાય છે.

નીટ પહેલાં મેડિકલ કોર્સીસમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા પ્રી-મેડિકલ ટેસ્ટ લેવાતી હતી. એ વખતે સીબીએસઈ તેનું આયોજન કરતી હતી. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી તેમના કાર્યકાળના પહેલા જ વરસમાં આ પેપર ફૂટી ગયું હતું.

૨૦૧૫માં ૩ મેના રોજ ૧૦૫૦ સેન્ટરો પરની પરીક્ષા લેવાઈ હતી. એ પછી અઈઙખઝનું પેપર ફૂટી ગયું હોવાની ખબર પડી હતી પણ સીબીએસઈ પરીક્ષા રદ કરીને ફરીથી પરીક્ષા લેવા તૈયાર નહોતી તેથી સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી.

સીબીએસઈની દલીલ હતી કે, માત્ર ૪૪ વિદ્યાર્થીઓએ પેપર ફૂટયું તેનો લાભ લીધો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે ત્યારે ૬.૩ લાખ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપવાની ફરજ ના પાડી શકાય. સુપ્રીમ કોર્ટે સીબીએસઈની દલીલ ફગાવી દઈને ૧૫ જૂને પરીક્ષા ફરીથી લેવાનો આદેશ આપ્યો હતો.

# સ્મોલ સેવિંગ, પીપીએફ અને સુકન્યા સમૃદ્ધિ યોજનાનું વ્યાજ વધવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પબ્લિક પ્રોવિડન્ટ ફંડના રોકાણકારો સૌથી લોકપ્રિય નાની બચત યોજનાઓમાંની એકના વ્યાજ દરમાં વધારાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. PPFના વ્યાજ દરમાં છેલ્લે ૨૦૨૦ ના એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન સુધારો કરવામાં આવ્યો હતો. ત્યારથી, તે ચાર વર્ષ સુધી ૭.૧% પર યથાવત છે. આ જ સમયગાળા દરમિયાન, કેન્દ્ર સરકારે સૌથી નાની બચત સાધનોના વ્યાજ દરો ૪૦ બેસિસ પોઈન્ટ્સથી વધારીને ૧૫૦ બાત કર્યા હતા.શું સરકાર આગામી ક્વાર્ટર માટે PPF, નાની બચત યોજનાઓના વ્યાજ દરમાં વધારો કરશે?



કેન્દ્ર સરકાર જાહેર ભવિષ્ય નિધિ, વરિષ્ઠ નાગરિક બચત યોજના, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર, સુકન્યા સમૃદ્ધિ યોજના, પોસ્ટ ઓફિસ માસિક આવક યોજના અને અન્યના વ્યાજ દરોની જુલાઇ-સપ્ટેમ્બર ક્વાર્ટર ૨૦૨૪ માટે ૩૦ જૂન, ૨૦૨૪ સુધીમાં જાહેરાત કરે તેવી શક્યતા છે.

૨૦૧૬ માં નાણા મંત્રાલય દ્વારા સૂચિત ફોર્મ્યુલા અનુસાર, PPF બેન્ચમાર્ક યીલ્ડ કરતાં ૨૫ બાતનો સ્પ્રેડ ધરાવે છે. Investing.com ના ડેટા અનુસાર માર્ચથી મે ૨૦૨૪ સુધીમાં બેન્ચમાર્ક ૧૦-વર્ષના બોન્ડની ઉપજ સરેરાશ ૭.૦૨% છે. ફોર્મ્યુલા પ્રમાણે જોઈએ તો, PPFના વ્યાજ દર અનુરૂપ પરિપક્વતાની સરેરાશ ૧૦-વર્ષની G-Sec યીલ્ડ કરતાં ૨૫ બેસિસ પોઈન્ટ વધુ હશે. તેથી આ પ્રક્રિયાને કડક રીતે જોતાં, જુલાઈ ૨૦૨૪ થી PPF રેટ ૭.૨૭% પર મૂકવો જોઈએ.

# ૭%થી વધારે વ્યાજની ફિક્સ ડિપોઝિટોના પ્રમાણમાં બમણો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બેન્કોમાં મૂડીરોકાણ વધી રહ્યું છે. આરબીઆઇના આંકડા પ્રમાણે આ વર્ષે માર્ચના અંત સુધીમાં બેન્કોમાં ૭% અને તેનાથી વધુ દરે વ્યાજ આપતી ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી)નો કુલ હિસ્સો ૬૪.૪% સાથે લગભગ બેગણો થયો છે. માર્ચ, ૨૦૨૩માં એ ૩૩.૭% હતો. રિઝર્વ બેન્કના મતે માર્ચ, ૨૦૨૪ના અંત સુધીમાં બેન્કોનીએફડી ૫૮.૮% વચ્ચે હતી જ્યારે માર્ચ, ૨૦૨૩માં આ વ્યાજદરવાળી એફડી ૩૦.૩% જ હતી. આ રીતે ૮%થી વધુ વ્યાજદરવાળી ટર્મ ડિપોઝિટ ૫.૫% છે.




દેશમાં સરકારી સેક્ટરની સૌથી મોટી બેન્ક એસબીઆઇ અત્યારે ૨ વર્ષથી વધુ અને ૩ વર્ષથી ઓછા સમયની ફિક્સ ડિપોઝિટ પર ૭%થી વધુ વ્યાજ આપી રહી છે જ્યારે ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્ક HDFC ૧૮થી ૨૧ મહિનાની ફિક્સ ડિપોઝિટ પર ૭.૨૫% વ્યાજ આપે છે.

દેશની સૌથી મોટી સ્મોલ ફાઇનાન્સ બેન્ક એયુ ૧૮ મહિનાની ડિપોઝિટ પર ૮%, ઉજ્જીવન ૧૫ મહિના પર ૮.૫૦% અને સૂર્યોદય ૨ વર્ષ ૨ દિવસની ડિપોઝિટ પર ૮.૬૫% વ્યાજ આપે છે.

બેન્કો માટે ડિપોઝિટ વધારવાનો પડકાર બેન્કો માટે ખેડૂતો, વ્યક્તિગત, પરિવારો અને નાના વેપારીઓ પાસે ડિપોઝિટ વધારવાનું પડકાર બની રહ્યું છે. કેર રેટિંગ્સ પ્રમાણે રોકાણના અન્ય વિકલ્પો, ઇક્વિટી, મ્યુચ્યુઅલ ફન્ડ અને ડિબેન્ચરમાં વધુ રિટર્ન મળે છે.

# રાજ્યસભામાં અનેક મહત્વપૂર્ણ બિલ પસાર કરાવવા હવે ભાજપને નાના પક્ષોનો સહારો લેવો પડશે

**મુખ્ય સમાચાર નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમત ન મળતાં પક્ષમાં સત્તા ટકાવી રાખવા અનેક પ્રયાસો કરી રહ્યું છે. લોકસભા ચૂંટણીના ઝટકા બાદ હવે રાજ્યસભામાંથી પણ ટેકો છીનવાઈ ગયો છે. ૧૮મી લોકસભાની કામગીરી દરમિયાન અનેક મહત્ત્વપૂર્ણ બિલ રાજ્યસભામાંથી પસાર કરાવવામાં મદદરૂપ થનાર બીજુ જનતા દળ (બીજેડી)એ સ્પષ્ટપણે ભાજપ-એનડીએનો સાથ આપવાનો ઈનકાર કર્યો છે.



બીજેડી પ્રમુખ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે ઘણા વર્ષો પછી ઓડિશામાં ભાજપના કારણે સત્તા ગુમાવી છે, તેમણે કહ્યું છે કે તેમની પાર્ટી રાજ્યસભામાં કેન્દ્ર સરકારનો વિરોધ કરશે. ૨૪૫ સાંસદો ધરાવતી રાજ્યસભામાં બિલ પસાર કરવા માટે ૧૨૩ સાંસદોનું સમર્થન હોવું જરૂરી છે. રાજ્યસભામાં હાલમાં NDAના ૧૦૬ સાંસદો છે. દસ બેઠકો પર ચૂંટણી થવાની છે. ભાજપ તેમાંથી છ જીતી શકે છે. તો પણ તેના સાંસદોની સંખ્યા માત્ર ૧૧૨ સુધી પહોંચી શકશે.

વર્ષોથી, YSR કોંગ્રેસ અને BJD બંને પક્ષોએ કેટલાક મુદ્દાઓ પર મોદી સરકારને ટેકો આપ્યો છે. બંનેના સમર્થનથી ભાજપ સંસદના બંને ગૃહોમાં ઘણા મહત્વપૂર્ણ બિલ પસાર કરાવવામાં સફળ રહ્યું છે. YSR કોંગ્રેસ અને BJDએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને નાગરિકતા સંશોધન કાયદો નાબૂદ કરવાના મામલે મોદી સરકારને સમર્થન આપ્યું હતું. ટ્રિપલ તલાક કાયદાના મુદ્દે મોદી સરકારને બીજેડીનું સમર્થન મળ્યું હતું, જો કે, YSR કોંગ્રેસે તેનો વિરોધ કર્યો હતો. વાયએસઆર કોંગ્રેસે ૨૦૨૧માં મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા કૃષિ કાયદાનું સમર્થન કર્યું હતું પરંતુ તે સમયે બીજેડીએ તેનો વિરોધ કર્યો હતો.

આ વખતે ભાજપને રાજ્યસભા બેઠકોના સંદર્ભમાં ઓડિશામાં ફાયદો મળી શકે છે કારણ કે તેણે ગત વખતે જીતેલી ૨૩ બેઠકોની સરખામણીએ ઓડિશામાં ૭૯ વિધાનસભા બેઠકો જીતી છે.

મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં સંસદમાં બે મહત્વપૂર્ણ બિલ લાવી શકે છે. તેમાંથી પ્રથમ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અને બીજી વન નેશન વન ઇલેક્શન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે જ UCC વિશે વાત કરી છે. UCC ભાજપ શાસિત રાજ્ય ગોવામાં લાગુ કરવામાં આવ્યું છે જ્યારે ઉત્તરાખંડમાં પણ તેનો અમલ થઈ ચૂક્યો છે. આ ઉપરાંત ભાજપ વન નેશન વન ઈલેક્શન પર પણ ઝડપથી આગળ વધવા માંગે છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપના ઘણા નેતાઓએ કહ્યું હતું કે જ્યારે દેશમાં આગામી સામાન્ય ચૂંટણીઓ યોજાશે ત્યારે તેની સાથે રાજ્ય વિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.

ભાજપની દલીલ છે કે આનાથી સમય અને પૈસાની બચત થશે પરંતુ લગભગ તમામ વિપક્ષી પાર્ટીઓ એક દેશ એક ચૂંટણીની ફોર્મ્યુલાની વિરુદ્ધ છે. ગયા વર્ષે મોદી સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક સમિતિની રચના પણ કરી હતી અને તમામ રાજકીય પક્ષો સાથે વાત કર્યા બાદ આ સમિતિએ પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સોંપ્યો છે.

# મોરબી બાર એસોસિયેશન દ્વારા વકીલ સુરક્ષા અધિનિયમ લાગુ કરવા કલેકટરને આવેદન આપ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**



હાલમાં વકીલો પર થતાં હુમલાના બનાવને લઇને વકીલોની સુરક્ષા માટે અલગ કાયદો બનાવવાની માંગ ગુજરાત ના વકીલોમાં ઉઠવા પામી છે જેમાં મોરબીમાં બાર એસોસિયેશન દ્વારા વકીલ સુરક્ષા અધિનિયમ ની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવ્યું હતું.

મોરબી જિલ્લા કલેકટરને પાઠવેલ આવેદનપત્રમાં ભૂતકાળ માં ગુજરાતમાં વકીલો પર થયેલ અલગ અલગ હુમલા ઓ ના બનાવને ટાંકીને મોરબી બાર એસોસિયેશન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વકીલોના વ્યવસાય માટે સલામત અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવું જરૂરી છે.તેમજ વકીલોની કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની હિંસા અને દુર્વ્યવહાર સામે કાયદાકીય સુરક્ષા પૂરી પાડવી અને વકીલ અને તેના પરિવાર પર હુમલો કરનારા વ્યક્તિઓ સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં થાય અને સારી અને સન્માનજનક ફેસિલીટી વકીલોનું ગૌરવ અને આત્મસન્માન માં વધારો કરી શકે છે.આથી ગુજરાત રાજ્ય વિધાનસભા એડવોકેટ પ્રોટેક્શન એક્ટ( વકીલ સુરક્ષા અધિનિયમ) તાત્કાલિક પસાર કરે જે વકીલોના હિતને સુરક્ષિત કરે અને કાનૂની વ્યવસાયમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે તેવી માંગ કરવામાં આવી છે.

# ઉપલેટામાં રાજાશાહી વખતે બનેલાં મોજ નદીના પુલ પર ભારે વાહનો માટેના પ્રતિબંધનો સરેઆમ ઉલાળ્યો

## ઉપલેટા શહેરમાં મોજ નદી પર બનાવેલ પુલને જિલ્લા કલેકટર દ્વારા ભારે વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ કરાયો છે








**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** ઉપલેટા મોજ નદીમાં ગોંડલ સ્ટેટના મહારાજા સાહેબ ભગવતીજી વખતનો બનાવેલો મોજ નદીનો પુલ જે રાજાશાહી પુલ છે તે પુલ માં ચકાસણી કર્યા બાદ રિપોર્ટ આવ્યો હતો અને આ રિપોર્ટ આવ્યા બાદ રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા આ પુલ પરથી ભારે વાહનોને પ્રવેશ ન કરવા અંગેનો પ્રતિબંધ કરતો હુકમ ગત ૨૦ માર્ચ ૨૦૨૪ માં કરવામાં આવ્યો છે ત્યારે આ પ્રતિબંધનો અમલ ન થતો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે જેમાં ઉપલેટા શહેરના નાગના ચોખ્ખી પ્રવેશ પ્રતિબંધ શરૂ કરાયો છે જેમાં આ પ્રવેશ પ્રતિબંધ શરૂ થયો ત્યાં પોલીસ ચોકી આવેલી છે અને આ જ પોલીસ ચોકી સામે જિલ્લા કલેકટરના હુકમનો સરા જાહેર ભંગ થઈ રહ્યો છે ત્યારે આ હુકમનું પાલન કરાવવા માટે અને પ્રતિબંધ અંગેની કડક અમલાવરી કરાવવા માટે જવાબદાર તંત્રના કોઈપણ અધિકારીઓ કે કર્મચારીઓ જાહેરનામું અમલમાં આવ્યું છે ત્યારથી ફરક યુ પણ નથી તેવા ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા ગંભીર રાક્ષેપ કરવામાં આવ્યા છે.

ઉપલેટા મોજ નદી પર રાજાશાહી વખતનો બનેલો જે હેરિટેજ બ્રીજ છે તે બ્રિજ ઉપર તાજેતરમાં ગત ૨૦ માર્ચ ૨૦૨૪ ના રોજ રાજકોટ જિલ્લા કલેકટર પ્રભાવ જોશી દ્વારા ભારે વાહનો માટેનો પ્રવેશ પ્રતિબંધ અંગેનો હુકમ ફરમાવવામાં આવ્યો છે જેમાં આ હુકમની અંદર ભારે વાહનો માટે પ્રવેશ અંગેનો પ્રતિબંધ મૂકવામાં આવતા ઉપલેટા નગરપાલિકા દ્વારા ભારે વાહનોના પ્રવેશ ન થાય તે માટે એંગલ મૂકવામાં આવ્યા છે પરંતુ નગરપાલિકા દ્વારા મૂકવામાં આવેલા એંગલોને થોડા જ દિવસોમાં તોડી પાડવામાં આવ્યા હતા અને વાહનો પ્રવેશ કરી આવતા જતા જોવા મળતા હતા ત્યારે ફરી વખત આ જ પરિસ્થિતિનું નિર્માણ થયું છે જેમાં સોમવારે એક બસ જબરદસ્તી આ એંગલ માંથી ઘૂસવા જતા ફસાઈ ગઈ હતી અને ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હોવાનું સામે આવ્યું છે જ્યારે આ બાબતને લઈને જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અને પ્રતિબંધ અંગેના હુકમનો ઉપલેટા શહેરની નગનાથ પોલીસ ચોકી સામેથી જ ઉલ્લંઘન થઈ રહ્યું હોવાના દ્રશ્યો સામે આવતા ઉપલેટા શહેર કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણકાંત ચોંટાએ જવાબદાર તંત્રને ટકોર કરતા ગંભીર આક્ષેપ કર્યા હોવાનું સામે આવ્યું છે.

પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ધોરાજીની તા. ૨૦/૦૩/૨૦૨૪ ની દરખાસ્તથી ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં આવેલ નાગનાથ ચોકથી ધોરાજી હાઈવે તરફ જતા રસ્તામાં મોજ નદી ઉપર રાજાશાહી વખતના આશરે ૧૦૦ વર્ષ જુના પુલ/બ્રિજનો સ્ટેબિલીટી અને નીરીક્ષણ રીપોર્ટ શ્રી સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી સુરત દ્વારા આપવામાં આવેલ હતો જેમાં તેઓના તા. ૨૫/૦૧/૨૦૨૪ ના રીપોર્ટ મુજબ આ બ્રીજ ઉપર ભારે માલસામાન ભરેલી ટ્રકો, ટ્રેઈલર્સ, ટેન્કરો જેવા ભારે વાહનોના ટ્રાફિકને તાત્કાલિક નજીકના અન્ય રસ્તા પર ડાઇવર્ટ કરવા તેમજ બ્રિજના સમારકામ/સ્ટ્રેન્થનીંગ કર્યા બાદ પણ માત્ર કાર, એમ્બ્યુલન્સ, મીની બસો વગેરે જેવા ઓછા વજનના વાહનો માટે જ ખુલ્લો રાખી શકાય તેમ જણાવેલ હોય જે અન્વયે મોજ નદી ઉપરના મેશનરી આર્ચ બ્રિજ ઉપરથી હેવી વ્હીકલની અવર-જવર બંધ કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેતી હોય જેથી આ બ્રિજ ઉપરના ટ્રાફિકને ડાયવર્ટ કરવા જણાવેલ છે.

ઉપલેટા શહેરમાં નાગનાથ ચોકથી પુર્વ દિશા તરફ ધોરાજી શહેર તરફ જતા રસ્તા ઉપર મોજ નદી ઉપર આવેલ બ્રિજ ભારે વાહનોનાં આવન-જાવન પરનાં પ્રતિબંધના કારણે વૈકલ્પિક રસ્તા પરથી બ્રીજનું સમારકામ/સ્ટ્રેન્થનીંગ કામ પુર્ણ થયા બાદ લાઇટ મોટર વ્હીકલ પ્રકારનાં વાહનો આવન-જાવન કરી શકશે તેવું પણ કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું છે જેથી આ બ્રિજ/રસ્તા ઉપર જરૂરી દિશાસુચક સાઈન બોર્ડ ચીફ ઓફિસર ઉપલેટા નગરપાલિકાએ લગાવવાના રહેશે તેવું પણ જણાવવામાં આવ્યું છે.

આ અંગે બહાર પાડવામાં આવેલ જાહેરનામા મુજબ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી દ્વારા જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ફ અને બ) અન્વયે મળેલ સતાની રૂએ ઉપલેટા શહેરમાં નાગનાથ ચોકથી પુર્વ દિશા તરફ ધોરાજી શહેર તરફ જતા રસ્તા ઉપર મોજ નદી ઉપર આવેલ બ્રિજ/રસ્તા ઉપર ભારે વાહનોનાં આવન-જાવન પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે ત્યારે અહિયાં ઉપલેટા પોલીસ તંત્રની પોલીસ ચોંકી સામે જ ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે અને અધિકારીઓ એક બીજાને ખો આપીને મીડિયાને જવાબ આપવાનું કે મીડિયા શમક્ષ કાઈ બોલવાનું ટાળી રહ્યા છે ત્યારે કલેક્ટરના હુકમનું પાલન કરાવવા અધિકારીઓ તસ્દી લ્યે છે કે પછી મોટા અકસ્માત અને જાનમાલ નું નુકશાન થવાની રાહ જોવે છે તેવા સવાલો તંત્ર પર થઈ રહ્યા છે.

# મોરબીના રિયલ ક્રિકેટ એકેડમીના ખેલાડીઓ દ્વારા ભારત વર્લ્ડ ચેમ્પિયન બન્યુ હતું તે દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**





ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં ૨૫ જૂનનો દિવસ ખૂબ જ ખાસ દિવસ છે.આજથી ૪૧ વર્ષે પહેલા એટલે કે,વર્ષ ૧૯૮૩માં આ દિવસે ભારતીય ક્રિકેટ ટીમ પહેલીવાર વર્લ્ડ ચેમ્પિયન બની હતી.લંડનના લોર્ડ્સમાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ૪૩ રને શાનદાર જીત મેળવીને વર્લ્ડકપ જીત્યો હતો. ત્યારે મોરબીની રિયલ ક્રિકેટ એકેડમી દ્વારા આજે આ ઐતિહાસિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

૨૫ જૂનનો દિવસ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ૪૧ વર્ષ પહેલા આ દિવસે કપિલ દેવની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયાએ ૧૯૮૩ના વર્લ્ડ કપની ફાઇનલમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવ્યું હતું. અને ઇતિહાસ સર્જ્યો હતો. કારણ કે આ પહેલા બંને વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝે જીત્યા હતા. જ્યાંથી ભારતીય ક્રિકેટના ઇતિહાસમાં નવો વળાંક આવ્યો હતો. ત્યારે મોરબીની રિયલ ક્રિકેટ એકેડમી દ્વારા આજે આ ઐતિહાસિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળ ખેલાડીઓએ આજના દિવસને ઉજવીને ભવિષ્યમાં ક્રિકેટ ક્ષેત્રમાં દેશનું નામ રોશન કરશે તેવો પ્રણ લીધો હતી. તેમજ કેક કટિંગ કરીને સંચાલકો અને બાળ ખેલાડીઓએ ક્રિકેટ ટીમના લેજેન્ડ ખેલાડીઓને યાદ કરીને એક બીજાને કેક ખવડાવીને શુભકામનાઓ પાઠવી હતી.

# બાઈક ચોરી કરનાર ૨ શખ્સો મુદ્દામાલ સાથે ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના ધુંવાવ ગામની નદીના પટ્ટમાંથી પંચકોષી એ ડિવિઝન પોલીસે ત્રણ ચોરાઉ મોટરસાઇકલ સાથે બે ટાબરિયાઓની અટકાયત કરી હતી. પોલીસે તેઓના કબ્જામાંથી રૂ.૭૫૦૦૦ ની કિંમતના ત્રણ બાઇક કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.જામનગર નજીક આવેલ ધુંવાવ ગામની નદીના પટ્ટમાં આવેલ કાંટાળી બાવળની ઝાળીમાં બે ઇસમ બાઇક સાથે શંકાસ્પદ હિલચાલ કરી રહ્યાં છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક પોલીસ દોડી ગઇ હતી. રેઇડ દરમિયાન પોલીસે ત્રણ ચોરાઉ મોટરસાઇકલ સાથે કાયદાથી સંઘર્ષિત બે કિશોરની અટકાયત કરી હતી. પોલીસે તેમની પૂછપરછ કરતાં તેઓએ આ ત્રણેય બાઇકની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું.આ કિશોરોએ જામનગરના પંચકોષી એ ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી રૂ.૩૦ હજારની કિંમતની જીજે-૧૦-એઆર-૨૨૫૮ નંબરનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ બાઇક ચોરી કર્યું હતું. ઉપરાંત જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી રૂ.૧૫ હજારની કિંમતનું જીજે-૦૩-બીએસ-૭૫૭૯ નંબરનું હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર બાઇક તથા જામનગર શહેરના સિટી સી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી રૂ.૩૦ હજારની કિંમતનું જીજે-૧૦-એસ-૨૯૨૬ નંબરનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર ચોરી કર્યા હતાં.

# જામનગર શહેરમાં રણજીત સાગર રોડ પર દબાણ હટાવની કામગીરી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર મહાનગરપાલિકા દ્વારા રણજીતસાગર રોડ પર આવેલી મહાનગરપાલિકાની ૭૦૦૦ ફૂટ જેટલી જગ્યામાં દબાણ કરીને એક રેસ્ટોરન્ટ તેમજ નર્સરી ખડકી દેવામાં આવી હતી જેના પર આજે મનપા નું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.તેમજ રણજીતસાગર રોડ પર આવેલી જામનગર મહાનગરપાલિકાની જગ્યામાં એક આસામી દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું અને ૭૦૦૦ ફૂટ જેટલી જગ્યામાં ઢોસા હાઉસ નામનું રેસ્ટોરન્ટ ખડકી દેવામાં આવ્યું હતું અને સાથે નર્સરી પણ ઊભી કરવામાં આવી હતી જે અંગે મહાનગરપાલિકાએ આસામીને નોટિસ ફટકાવેલ હતી અને જગ્યા ખાલી કરવા જણાવ્યું હતું પરંતુ ગેરકાયદેસર કબજો ખાલી ન કર્યો હોવાથી આજે મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા સહિત એસ્ટેટ શાખાના અધિકારી નીતિન દીક્ષિત સહિતની એસટી વિભાગની ટુકડી સાથે પહોંચી અને ઢોસા હાઉસ નામનું રેસ્ટોરેન્ટ નું ડેમોશન કરવામાં આવ્યું હતું અને સાથે નર્સરી સહિતની જગ્યા ખુલી કરવા માં આવી હતી.

# સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં વિદ્યાર્થિનીઓ માટે સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર કમિશ્નર યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જામનગર દ્વારા સંચાલિત 'અનુસૂચિત જાતિ વ્યક્તિ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર ઝોનલ કક્ષાનું સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં આયોજન કરાયું હતું.આ શિબિરમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ દ્વારા મહિલાઓની સુરક્ષા, મહિલાઓને લગતી વિવિધ યોજનાકીય માહિતી, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, ૧૮૧ મહિલા હેલ્પલાઇન, નારી અદાલત, વ્હાલી દીકરી યોજના જેવી ઉપયોગી માહિતી દીકરીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય, સ્ટાફગણ, ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમમેન્ટ ઓફ વુમન માંથી અસ્મિતાબેન કે.સાદિયા અને ૧૩૦ જેટલી વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વિંછીયામા સર્વ સમાજના આગેવાનો સાથે બેઠક યોજતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાઃ વિવિધ પ્રશ્નોના ઉકેલની ખાતરી આપી

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**



જસદણ વિછીયાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિંછીયા શહેરના ગ્રામજનો વેપારીઓ અને સર્વ સમાજના અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત લીધી હતી,દરજી સમાજની વાડી ખાતે યોજાયેલ શુભેચ્છા મુલાકાત સમરોહમાં સર્વે સમાજનાં અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામા હાજર રહ્યા હતા આતકે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા નુ ગ્રામજનોએ અદકેરૂ સન્માન કર્યુ હતું કાર્યક્રમમા વિંછીયા શહેરના વિવિધ પ્રશ્નો સરકારી આરોગ્ય કેન્દ્ર,રોડ રસ્તાં,વિજળી,પીવાના પાણી,વિંછીયા ભાવનગર એસ ટી બસ શરૂ કરાવવા,વરસાદના પાણીના નિકાલની સમસ્યા,ખોડીયારપરાના મુખ્ય રસ્તાના કાયમી ઉકેલ સહિતના પ્રશ્નોની યોગ્ય રજૂઆત હાજર અગ્રણીઓ દ્વારા કરાઇ હતી જેના સત્વરે ઉકેલની ખાતરી અને વિંછીયા શહેરને હરિયાળું બનાવવા કુંવરજીભાઈ બાવળીયાએ ખાત્રી આપી હતી કાર્યક્રમમા હાજર સામાજિક અગ્રણી વિનોદભાઈ વાલાણીએ વિંછીયા સરકારી હોસ્પિટલમાં કાયમી ગાયનેક ડોકટરની નિમણુક કરી સુવિધામાં વધારો કરવા રજુઆત કરી હતી ઉલ્લેખનીય છે કે એક માસ અગાઉ વિંછીયા સરકારી હોસ્પિટલમાં સુવિધાના અભાવે અને ડોકટરની બેદરકારીને લીધે પ્રસુતાનું મૃત્યુ થયાના પરિવારજનોએ આક્ષેપો કર્યા હતા, કાર્યક્રમમા વિંછીયા સરપંચ ચતુરભાઈ રાજપરા,પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણી, બિપીનભાઈ જ સાણી, ઘનશ્યામભાઈ રોજસરા,અનિલભાઈ બરછા, વલભભાઈ ઝાપડીયા,પી ડી ગીગાણી,માવજીભાઈ તલસાણીયા, અલીભાઈ કપાસી વગેરે હાજર રહ્યા હતા.

# ઉપલેટા કોર્ટમાં નેશનલ લોક અદાલત યોજાઈઃ રૂપિયા ૫૪,૪૦,૦૮૫ લાખની રિકવરી સાથે ૨૭૬ કેસનો નિકાલ કરાયો

## ઉપલેટામાં યોજાયેલ લોક અદાલતમાં લોકોએ ઉત્સાહથી ભાગ લીધો

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**




**ઉપલેટા:** ઉપલેટા કોર્ટ ખાતે નામ. ગુજરાત હાઈકોર્ટ અને નામ. જિલ્લા અદાલત રાજકોટ દ્વારા આપવામાં આવેલ માર્ગ દર્શન થકી નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપલેટા કોર્ટના બન્ને જજ એ.એ.દવે તથા ડી.વાય.પટેલ દ્વારા ઉપલેટા મુખ્ય, એડિશનલ, તેમજ ભાયાવદરની કોર્ટમાં ચાલતા દીવાની કેસ, ફોજદારી કેસ, ચેક રિટર્ન કેસ, પ્રિલીટીગેશનના કેસો જેવા કે બેન્ક લોન, પી.જી.વી.સી.એલ. ના લોકોને લગતા કેસોનું સુખદ સમાધાન કરવામાં આવ્યું હતું.

ઉપલેટા કોર્ટ ખાતે યોજાયેલ આ લોક અદાલતમાં ૨૭૬ થી વધુ કેસોનું સુખદ સમાધાન કરવામાં આવ્યું હતું ત્યારે આ સાથે કુલ ૫૪,૪૦,૦૮૫ રૂપિયાની રિકવરી પણ કરવાં આવી હતી. આ લોક અદાલતમાં ઉપલેટાની પ્રજા અને પક્ષકારોએ ખૂબ સારો પ્રતિસાદ આપી લોક અદાલતને સફળ બનાવેલ હતી અને ભવિષ્યમાં આ પ્રકારના પ્રતિસાદની અપેક્ષા સાથે અત્રેની કોર્ટના બન્ને ન્યાયાધીશ દ્વારા પ્રજાજનો અને પક્ષકારોનો આભાર વ્યક્ત કરેલ છે તેવી માહિતી ઉપલેટા કોર્ટના રજિસ્ટ્રાર વી.ડી. જાડેજાએ પોતાની યાદીમાં જણાવ્યું હતુ.

# મોરબીના જાંબુડીયા ગામે લીમડા નીચે પત્તા ટીચતી ચાર મહિલા ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામે ઢાર વિસ્તારમાં લીમડાના ઝાડ નીચે તીનપત્તીનો જુગાર રમી રહેલ ચાર મહિલાને પોલીસે ઝડપી લઇ રોકડા કુલ રૂ.૨,૯૫૦/- કબ્જે લઈ તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કર્યો હતો

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન પૂર્વ બાતમીને આધારે જાંબુડીયા ગામ ઢાર વિસ્તારમાં દરોડો પાડી લીમડાના ઝાડ નીચે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે રૂપિયાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રહેલા ભાવનાબેન પ્રવિણભાઇ સીતાપરા ઉવ.૩૦, શીલ્પાબેન નવઘણભાઇ સીતાપરા ઉવ.૨૭, રીટાબેન સંજયભાઇ સીતાપરા ઉવ.૨૬ તથા અંકીતાબેન અશોકભાઇ ઉપાસીયા ઉવ.૩૯ બધા રહે-જાંબુડીયા તા.જી.મોરબીને પોલીસે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૨,૯૫૦/- કબ્જે લઈ તમામ આરોપીઓની અટક કરી તેમની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# હોમગાર્ડઝ યુનિફોર્મના દુરૂપયોગ બદલ એક મહીલા સહિત ત્રણ સભ્યોને ફરજ મોકુફ કરતા જિલ્લા કમાન્ડન્ટ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, હોમગાર્ડઝ દળ તાલીમ અને શિસ્તને વરેલું દળ છે આ દળની સ્થાપના દળના જવાનોને તાલીમ, અનુસાશન, નિષ્ઠા અને સેવા કાર્યો કરવા માટે તૈયાર કરવા અસ્તિત્વમાં આવેલ છે અને જ્યારે જરૂર પડે ત્યારે પોલીસની અવેજીમાં ફક્ત કાયદો અને વ્યવસ્થાની ફરજો નિભાવવાની હોય છે.હોમગાર્ડઝ દળનો યુનિફોર્મ જ્યારે કોઈ પણ સભ્યએ ધારણ કરેલ હોય ત્યારે દરેક હોમગાર્ડઝ સભ્ય કે અધિકારી હોમગાર્ડઝ અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૯ મુજબ રાજ્ય સેવક ગણવામાં આવે છે જેથી જ્યારે પણ દળનાં આ યુનિફોર્મનો દુરૂપયોગ થાય ત્યારે તે રાજ્ય સરકારનાં સેવક તરીકે યોગ્ય ન ગણાય.આવી જ રીતે જામનગર શહેર સીટી બી, યુનિટનાં સભ્ય ઈમરાન એચ. સીપાઈગોરી દ્વારા હોમગાર્ડઝ દળનાં યુનિફોર્મ સાથે પોલીસની બેરીકેપ ધારણ કરીને પોલીસ તરીકેનો ફોટો લાગે તે પ્રકરે ઉપયોગ કરીને પોતાનાં ફેસબુક પ્રોફાઈલમાં રાખેલ તથા સીટી સી, યુનિટનાં મહીલા સભ્યએ હોમગાર્ડઝનાં યુનિફોર્મમાં એરપોર્ટ જેવાં સેન્સેટીવ વિસ્તારમાં રીલ બનાવી પોતાની સ્ટોરીમાં રાખેલ તેમજ જામજોધપુર યુનિટનાં ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડીંગ યોગેશ જોષી દ્વારા પોતે પ્લાટુન કમાન્ડરની રેન્ક ધરાવતા ન હોવા છતાં પ્લાટુન કમાન્ડરની રેન્ક, ક્રોસ બેલ્ટ, પી.કેપ, મેપલ લીઝ ધારણ કરતો ફોટો પોતાના વોટ્સએપ ડીપીમાં રાખેલ જે બાબતો જિલ્લા કમાન્ડન્ટનાં ધ્યાને આવતાં બંન્ને સભ્યો તથા અધિકારીને તાત્કાલીક અસરથી ફરજ મોકુફ કરવાનો તેઓ દ્વારા હુકમ કરવામાં આવેલ છે.વિશેષમાં જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા જણાવ્યું છે કે નિવૃત થઈ ગયેલા અધિકારી, સભ્યો નિવૃતિ બાદ પણ અન્ય સંસ્થાના આઈ.ડી.કાર્ડ બનાવવાં માટે દળના યુનિફોર્મ સાથેનાં ફોટાનો દુરઉપયોગ કરેલ છે જે પણ ખુબજ ગંભીર બાબત છે જેથી જેઓએ પણ નિવૃતી બાદ દળનાં ફોટાનો અન્ય સંસ્થામાં આઈડી કાર્ડ બનાવવા ઉપયોગ કરેલ છે તે તાત્કાલીક પોતાનું આઈડી કાર્ડ જે તે સંસ્થામાં જમાં કરાવીને પોતાનાં સીવીલ ડ્રેસ વાળા ફોટા સાથેનું આઈડી કાર્ડ મેળવીલે અન્યથા તેઓની સામે પણ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

# અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં મોરબી જીલ્લાના કાર્યકર્તા નુતન જવાબદારી નિમણૂક

**મુખ્ય સમાચાર, મોરબી**








અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ૯ જુલાઈ ૧૯૪૯ થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્રહિત ના કાર્યો કરતું વિશ્વ નું સૌથી મોટું વિદ્યાર્થીઓ નું સંગઠન છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ નો પ્રદેશ અભ્યાસ વર્ગ ૧૮ થી ૨૧ જુન પોરબંદર ખાતે યોજાયો.જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ નવનિયુકત જીલ્લા સંયોજક અને વિભાગ સંયોજક ઘોષણા કરવામાં આવી જેમાં મોરબી શાખા ના કાર્યકર્તા મનદિપસિંહ ઝાલા ને પુનઃ રાજકોટ વિભાગ સંયોજક તરીકે જવાબદારી સોંપવામાં આવી આપ પુર્વ માં મોરબી સહમંત્રી, મોરબી નગરમંત્રી, મોરબી જીલ્લા સંયોજક, બોટાદ જિલ્લાના સંગઠનમંત્રી, રાજકોટ જિલ્લા સંગઠનમંત્રી જેવીવિવિધ જવાબદારીઓ વહન કરેલ છે.

મોરબી જિલ્લા પ્રમુખ તરીકે સંજયભાઈ વીરડીયા પુનઃમોરબી જીલ્લા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી આપ પુર્વ મોરબી નગર અધ્યક્ષ જેવી વિવિધ જવાબદારીઓ વહન કરે છે.

મોરબી જીલ્લા સંયોજક તરીકે રાજદિપસિંહ જાડેજા નિમણૂક કરવામાં આવી આપ પુર્વ માં કેમ્પસ મંત્રી, હોસ્ટેલ સંયોજક, નગર સહમંત્રી, નગર મંત્રી જેવી વિવિધ જવાબદારીઓ વહન કરે છે. જવાબદારી નિમણૂક થતાં અઇટઙ મોરબી પરિવાર અભિનંદન પાઠવે છે.

# ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી લાઠી ખાતે અત્યાધુનિક કમ્યુનીટી હોલ બનાવવા રજૂઆત કરતા ધારાસભ્ય જનક તળાવીયા

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**



હાલ ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતના ગામડાઓ અને શહેરો ને વિકાસશીલ બનાવાના હેતુસર ગુજરાત વિકાસના કામો થકી મોડેલ રાજ્ય બનવા તરફ જઈ રહ્યું ત્યારે સરકારશ્રી ની સ્વણીમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ લાઠી નગરપાલિકા વિસ્તાર માટે અત્યાધુનિક સુવિધા સભર કમ્યુનીટી હોલનું નિર્માણ કરવા માટે લાઠી બાબરા નાં જાગૃત અને માત્ર નામના નહિ પણ કામના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે.

# રાજકોટ ડિવિઝનમાં ચાલી રહેલા ડબલ ટ્રેકના કામ દરમિયાન રીશેડ્યુલ કરાયેલી ટ્રેનના સમયમાં ફેરફાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંઢેરી-પડધરી સેક્શનમાં ચાલી રહેલા ડબલ ટ્રેકના કામ દરમિયાન લેવામાં આવનાર બ્લોકના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેના કારણે અગાઉ રીશેડ્યુલ જાહેર કરાયેલી ટ્રેનો માં ફેરફાર કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે.

**રીશેડ્યુલ કરેલ ટ્રેનો:**

ટ્રેન નંબર ૧૬૩૩૩ વેરાવળ-તિરુવનંતપુરમ સેન્ટ્રલ એક્સપ્રેસ ને ૨૭.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ૫ કલાક ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૨.૨૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૧૧૪૬૩ વેરાવળ-જબલપુર એક્સપ્રેસને ને ૨૭.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ૨ કલાક ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૨.૩૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ને ૨૭.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ૧ કલાક ૪૦ મિનિટ મોડી એટલે કે ૧૩.૪૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ ને ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ જબલપુર થી ૫ કલાક ૧૫ મિનિટ મોડી એટલે કે ૧૯.૦૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે.

**અગાઉ રીશેડ્યૂલ કરેલ ટ્રેનોં જે હવે તેમના રેગ્યુલર સમય પર ઉપડશે:**

૨૬.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ઉપડનારી ટ્રેન નં. ૧૧૪૬૩ વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ઉપડનારી ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ ઈન્દોર થી ઉપડનારી ટ્રેન નં. ૧૯૩૨૦ ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ અને ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ જબલપુર થી ઉપડનારી ટ્રેન નં. ૧૧૪૬૪ જબલપુર-વેરાવળ એક્સપ્રેસ જે અગાઉ રીશેડ્યુલ જાહેર કરવામાં આવી હતી, આ તમામ ટ્રેનો હવે તેમના રેગ્યુલર સમય પર ઉપડશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના પરિચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# રાજકોટ બંધના એલાન અંગે વેપારીને ધમકાવ્યાના આક્ષેપ અંગે તપાસ થશેઃ સીપી

## વેપારી આગેવાનને ફોન કરનાર જમાદારનો ખૂલાસો પૂછી કાર્યવાહી કરવામાં આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બંધનું એલાન આપ્યાની જાહેરાત બાદ પોલીસ દ્વારા વેપારીઓને ધમકાવવામાં આવતી હોવાની રજૂઆત કરવામાં આવી હતી જે સંદર્ભે સીપીએ જણાવ્યું હતુંકે વેપારીને ધમકાવ્યા હોવાના આક્ષેપ પાયા વિહોણા છે જે ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે તે પોલીસમેનનો ખૂલાસો પૂછી પોલીસ દ્વારા થતી કાર્યવાહી કરવામાં આવશે.

ધારાસભ્યની આગેવાનીમાં બંધ પૂર્વે સોમવારે પોલીસ કિમશનરને રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસ બંધના એલાનને નિષ્ફળ બનાવવા માટે વેપારીઓને ફોન કરી ધમકાવે છે આ અંગે પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાએ જણાવ્યું હતું કે પોલીસ દ્વારા એકપણ વેપારીઓને ધમકાવવામાં આવ્યા નથી આક્ષેપ પાયા વિહોણા છે જયારે સોશ્યલ મીડિયામાં જે ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે તેમાં જંકશન પ્લોટ વેપારી એસોસીએશનના પ્રમુખ ગૌરવ પૂજારાને ફોન કરનાર પ્રનગર પોલીસ મથકના જમાદાર પરષોતમભાઈ પાસે કોના કહેવાથી ફોન કર્યો હતો તે અંગે તેનો ખૂલાસો પૂછવામાં આવશે અને પોલીસ તંત્ર દ્વારા જે કાર્યવાહી કરવામાં આવતી હોય તે તેના વિરુદ્ધ કરવામાં આવશે.

# રાજકોટ જિલ્લા જેલમાં બેભાન થઈ જતા કાચા કામના કેદીનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

પોપટપરા પાસે આવેલ રાજકોટ જિલ્લા જેલમાં રહેલા કાચા કામના કેદીને છાતીમાં દુખાવો થતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેનું મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ શહેરના રામનાથપરા પાસે ઘાંચીવાડમાં રહેતો અને એન.ડી.પી.એસ.ના ગુનામાં રાજકોટ જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે રહેતો ઈરફાન અબ્બાસ પટણી (ઉ.વ.૪૮)ને ગઈકાલે બપોરના સમયે જેલ જાપતામાં હતો ત્યારે છાતીમાં દુખાવો થતા સરકારી હોસ્પિટલે ઈમરજન્સી વોર્ડ માં દાખલ કરવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગેની જાણ પ્ર.નગર પોલીસમાં કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

# સરગમ ક્લબ અને જયશ્રીબેન સંઘવીના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ–દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૭/૨૦૨૪ સોમવાર થી ૩/૦૭/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૭/૨૦૨૪ થી ૩/૦૭/૨૦૨૪ સુધી જૂલાઈ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૭/૨૪ સોમવારના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૭/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) તેમજ તેના પરિવારજનો તેજસભાઈ સંઘવી ના પરિવારનો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# હૈદ્રાબાદની પેઢીના સંચાલકોએ ગોંડલના ખેડૂતને નકલી બિયારણ ધાબડી દીધુ

## ઘોઘાવદરના ખેડૂતે ખેતીવાડી વિભાગમાં ફરિયાદ કરતા તપાસ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

હૈદરાબાદ સ્થિત રવિ સિડ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનું મરચાનું બિયારણ અંકુરિતન થતા ઘોઘાવદર નાં ખેડૂતે ખેતીવાડી વિભાગમાં ફરિયાદ નોંધાવી છે. રવિ સિડ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અને ખેડૂતોને મરચાનું નકલી બિયારણ પધરાવ્યું હોવાની સંભાવના છે. આગામી દિવસોમાં વધુ કેટલા ખેડૂતો નકલી બિયારણ અંગે ફરિયાદ કરે તેવી સંભાવના છે. મોંઘુદાટ બિયારણ ખરીદીને ખેડૂતો ખેતરમાં વાવણી કરે છે. પરંતુ જ્યારે આ બિયારણ અંકુરિત નથી થતું ત્યારે ખેડૂતે રાતા પાણીએ રોવાનો વારો આવે છે તેવો જ એક કિસ્સો ગોંડલમાંથી પ્રકાશમાં આવ્યો છે.

ગોંડલના ઘોઘાવદર ગામે જયંતીભાઈ લવજીભાઈ કૂંમર પોતાની વાડીમાં મરચીનું વાવેતર કર્યું હતું. મરચીનું રવિ હાઈબ્રીડ સિડર્સ નામનું બિયારણ ખરીઘુ હતું. મરચીના ૧૦૦ પૈકેટ ખરીઘા હતા. એક પેકેટ ૧૦ ગ્રામ આવે છે. જયંતિભાઈએ મરચીના બિયારણનું વાવેતર કયું હતું. પરંતુ મરચીનું બિયારણ અંકુરિત ના થતા ખેડૂતનો મરચીનો પાક નિષ્ફળ થયો હતો. જયંતિભાઈએ ૨૯-૫ - ૨૦૨૪ એ ખેતરમાં રોપ માટે વાવેતર કરેલ હતું. મરચીના બીજ અંકુરિત ના છે.

થતા કંપની સામે ફરિયાદ કરી હતી. કંપનીમાંથી કોઈ પ્રત્યુતરન આવતા ફરીથી ઈ-મેલ કર્યો હતો. ખેડૂતે ઈ-મેલ મારફતે ફરિયાદ કરતા બિયારણ કંપનીના કર્મચારીઓ દોડતા થયા હતા. કંપનીમાંથી કર્મચારી ૧૮ તારીખે ખેડૂતના ખેતરની વિઝીટે આવ્યા હતા. જયંતીભાઈએ ખેતીવાડી વિભાગ રાજકોટ જિલ્લા ગોંડલ તાલુકામાં ફરિયાદ કરી છે. રાજકોટ જિલ્લા ખેતીવાડી વિભાગ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ એ ખેતી વાડીની વિઝીટ કરી અને પંચ રોજ કામ કર્યું છે.

# ગેરકાયદે સિંહ દર્શન ત્રણ યુવકોને ભારે પડયુંઃ ધરપકડઃ રૂા.૨.૫ લાખનો દંડ



**મુખ્ય સમાચાર, વેરાવળ**

ગીર જંગલ વિસ્તારમાં છાશવારે ગેરકાયદેસર સિંહ દર્શન અને સિહોની પજવણીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે વેરાવળના ત્રણ યુવકોને ગેરકાયદે સિંહ દર્શન કરવાનો ઈરાદો ભારે પડયાની ઘટના સામે આવી છે. વેરાવળ નજીકના જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર સિંહ દિવસના ઇરાદે પ્રવેશેલા ત્રણ યુવકોને વન વિભાગએ ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અઢી લાખનો દંડ વસુલયો છે.

આ અંગે વેરાવળ રેન્જ ફોરેસ્ટર ખીમાનંદ પંપાણીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, વેરાવળ નજીકના પંડવા મંડોર વિડી વિસ્તાર કે જે પ્રતિબંધિત જંગલ વિસ્તાર છે આ જંગલ વિસ્તારમાં તારીખ ૨૧ ની રાત્રિના અમુક ઈસમો ગેરકાયદેસર સિંહ દર્શનના ઇરાદે પ્રવેશ કર્યા હતા અને જેની જાણ પેટ્રોલિંગમાં રહેલ વન વિભાગના સ્ટાફને સ્થાનિકો દ્વારા કરવામાં આવતા વન વિભાગ નો સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચ્યો હતો. જયાં વન વિભાગની ટીમને જોઈ ત્રણે ઈસમો ઘટના સ્થળેથી નાસી છૂટ્યા હતા વન વિભાગ દ્વારા ઘટના સ્થળેથી આ યુવકોની ત્રણ મોટરસાયકલ કબજે લેવામાં આવી હતી અને બાદમાં સિંહ દર્શનના ઇરાદે જંગલમાં ગેરકાયદેસર પ્રવેશેલા આ ત્રણેય ઈસમો વેરાવળ વન વિભાગ સમક્ષ હાજર થતા ત્રણેય વેરાવળ ના બહાર કોટ વિસ્તારમાં રહેતા મુસ્લિમ કાકાસીયા અબદુલાહ અંજુમ ઉ.વ ૨૧, કાપડિયા અંબાર સોયબ ઉ.વ ૧૭, અને પંજા અબ્દુલ્લા આરીફ ઉ.વ ૧૭ હોવાનુ સામે આવ્યું હતું.

# ફાયર એન.ઓ.સી. અંગે બેદરકારી દાખવનાર મનપાના બે અધિકારી જેલ હવાલે કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાને એક મહિનો પૂર્ણ થઈ ગયો છે ત્યારે ગેમઝોનમાં ફાયર એનઓસી ન હોવા છતાં ચેકિંગ નહી કરી બેદરકારી દાખવનાર ફાયર બ્રિગેડના બંને ઓફિસરની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા જે રિમાન્ડ પૂરા થતા કોર્ટમાં રજુ કરતા કોર્ટે બંનેને જેલહવાલે કર્યા છે.

રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ૨૭ નિર્દોષ લોકોના મોત નીપજયાની ઘટનામાં સીટની રચના કર્યા બાદ અત્યાર સુધીમાં ભાગીદારો-સંચાલકો-અધિકારીઓ સહીત ૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જે પૈકી પૂર્વ ટીપીઓ સહીત ૧૩ આરોપીઓને જેલભેગા કરવામાં આવ્યા છે આ ગુનાની તપાસ દરમિયાન ગેમઝોનમાં અગ લાગ્યાની ઘટના પછી પણ ફાયર એનઓસી ન હોવા છતાં ચેકિંગ સહિતની કામગીરી નહી કરી બેદરકારી દાખવવામાં આવી હોય જેથી ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી જે ઠેબાની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા દરમિયાન એસીપી ક્રાઈમ બી બી બસિયાએ જણાવ્યું હતું કે બંનેના રિમાન્ડ પૂરા થતા હોય તે પૂર્વે ખેરને જડતી પંચનામાની કાર્યવાહી માટે ફાયર બ્રિગેડ કચેરીએ લઈ જવામાં આવ્યો હતો બાદમાં બંનેને કોર્ટમાં રજુ કરતા કોર્ટે બંનેને જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે.

# માયાણી ચોક પાસે વેપારીનો દુકાનમાં ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ

## સાત લાખનો માલ આપ્યા બાદ અન્ય વેપારીઓએ રૂપિયા નહીં આપી વાયદા કરતા ચિંતામાં પગલું ભર્યાનું પરિવારજનોનું પોલીસમાં નિવેદન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માયાણી ચોક પાસે એલ્યુમિનિયમ સેકશનનો વેપાર કરતાં વેપારીએ પોતાની જ દુકાનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. સાત લાખનું પેમેન્ટ ન આવતા સામે અન્ય વેપારીને પેમેન્ટનો વાયદો આપ્યો હોય જેની ચિંતામાં આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

આ અંગેની માહિતી મુજબ માયાણી પાસે શોપિંગ સેન્ટરમાં શિવ વિન્ડો નામે દુકાન ધરાવી એલ્યુમિનિયમ સૈકક્શનનો વેપાર કરતાં ચંદ્રેશભાઈ ) કરશનભાઈ ખોખર (ઉ.વ.૪૨ નામના પ્રજાપતિ યુવાને આજે બપોરે પોતાની દુકાનમાં ઝેરી ટીકડાં ખાઈ આપઘાતનો પ્રયાસ કરતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં ચંદ્રેશભાઈ બે ભાઈ એક બહેનમાં નાના અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસમાં તેમણે જેનું કામ રાખ્યું હતું તેનું સાત લેખનું પેમેન્ટ આવવાનું અન્ય વેપારીને સાડા પાંચ લાખનું પેમેન્ટ ચૂકવવા માટે વાયદો આપ્યો હતો પરંતુ આજે પેમેન્ટ : ન આવતા સામેની પાર્ટી બારીનું સેકશન પુરી કરી આપો પછી પેમેન્ટ આપશું તેવું કહેતા તેણે ચિંતામાં આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

# પોલીસના ગ્રેડ પે બાબતે સરકારનો વિરોધ કરનાર કોંગી આગેવાનોનો નિર્દોષ છુટકારો

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા રોહિત રાજપુત સહીત એન.એસ.યુ.આઈ. પ્રમુખ યશ ભીંડોરા તથા અભિરાજ તલાટીયા સહીતના કાર્યકારોને નિર્દોષ છોડવા કોર્ટે હુકમ કર્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

સને ૨૦૨૧ માં પોલીસના ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબેશ ચાલતી હોય જેના સમર્થનમાં એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ રાજકોટ કલેકટર કચેરી બહાર કાર્યક્રમ કરેલ, જેમા એન.એસ.યુ.આઈ. ના કાર્યકરો રોહિત રાજપુત, અભિરાજ તલાટીયા, પાર્થ બગડા, યશ ભીંડોરા, મિલન ઝંઝવાડીયા, જીત પારેખ , ચિરાગ બારડ, ની ધરપકડ કરીને આઈ.પી.સી. કલમ ૨૮૩ તથા ધ પોલીસ (ઈન્સાઈન્ટમેન્ટ ટુ ડીલ સકસેશન એકટ ૧૯૨૨ ની કલમ ૩ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫ અન્વયેના ગુન્હો પ્ર.નગર પોલીસે નોંધેલ અને ચાર્જશીટ રજુ કરેલ જે કેસ નામ. કોર્ટમાં ચાલી રાજકોટની નામદાર અદાલતે તમામ એન.એસ.યુ.આઈ. ના કાર્યકરો ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસ ની વિગત એવી છે કે, ગઈ તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ રાજકોટ કલેકટર કચેરી ખાતે એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ પોલીસ ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબશ ચાલતી હોય તેના સમર્થનમાં આકસ્મીક કાર્યક્રમ કરેલ અને જાહેર રસ્તા પર બેસી ને ટ્રાફીક અડચણ કરી પોલીસ ફોર્સ તુમ આગે બઢો હમ તુમારે સાથ હે જેવા નારા ઉચારી પોલીસ વિભાગ ના ઈરાદા પૂર્વક સરકાર પ્રત્યે અસંતોષ પેદા કરાવીને સરકાર વિરૂધ્ધ ઉશ્કેરણી કરી આંદોલન કરીને આરોપીઓએ ગુન્હો કરેલ જે બાબતે પ્ર.નગર પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલ હતુ, ત્યાર બાદ આરોપીઓ સામે નો કેસ ચાલી જતા આ કામમાં આરોપીઓના વકીલશ્રી ની દલીલો ને ધ્યાને લઈ રાજકોટના નામ. અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપીઓ વતી રાજકોટના ધારાશાસ્ત્રી પરેશ એન. કુકાવા, તથા નરેન્દ્રસિંહ એમ. જાડેજા, વિરલ એસ. ભટ્ટ રોકાયેલા હતા.

# ટીઆરપી ગેમઝોનની ઘટનામાં મૃતકોના સ્વજનો દ્વારા એસોસીએશન બનાવવાની તૈયારી

## કાનૂની લડત લડવા સ્વખર્ચે વકિલ રોકી આરોપીઓને કડક સજા કરાવવા પરિવારજનો તૈયારઃ ૧૦ થી વધુ મૃતકોના પરિવારજનો જોડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્નિકાંડમાં મૃતકોના પરિવારનું એસોસિએશન બનાવી કાનૂની લડત લડવાનો નિર્ણય કરાયો છે. જેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. હાલ દસેક મૃતકના પરિવારજનો એકત્ર થયા છે, તેઓએ વકીલ રોકી આરોપીઓને કડક સજા કરાવવા કાગળો બનાવવાની પ્રક્રિયા આરંભી છે.

આ અંગે મૃતક જય ઘોરેચાના ભાઈ તુષાર પોરેચાએ જણાવ્યું કે, જેમ ઝૂલતા પુલ વાળા બનાવનમાં મૃતકોનું એક આખું એસોસિએશન બન્યું છે. તેવી જ રીતે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામેલ લોકોના પરિવારનું એસોસિએશન બનાવવા નિર્ણય લેવાયો છે. હાલ ૧૦ મૃતકના પરીવારજનો એક થઈ વકીલ રોકી તૈયારીઓ શરૂ કરી છે. આગામી સમયમાં રાજકોટની કોર્ટથી લઈ હાઈકોર્ટ સુધી લડત આપવામાં આવશે. હાલ ફક્ત ૧૦ મૃતકના પરિવારજનો જ એકત્ર થયા છે. આ એસો. ન્યાય માટે આરોપી ઉપરાંત સરકાર સામે પડતું હોવાનો અહેસાસ થતા કેટલાક પરિવારો એસોસિએશનમાં આવતા ડરતા હોવાની શંકા છે. પણ આગામી સમયમાં તમામ હતભાગીના પરિવારને સમજાવી એસોસિએશનમાં સમાવવા પ્રયાસ કરવામાં આવશે. ભોગ બનનાર મૃતકોના પરિવારજનો તુપાર ઘોરેચા વગેરે વતી હાલ વકિલ નરેન્દ્રસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ઝાલા, અંજનાબેન ચૌહાણ, ભાલુ મહેન્દ્ર, તલાટિયા ચંદ્રસિંહ, કિશન રાજાણી, ફુલદીપસિંહ જાડેજા, હિરેન રૈયાણી, ચંદ્રસિંહ પરમાર, રવિ વાઘેલા, નૃપેન ભાવસાર, હિમાંશુ પારેખ, પરેશ જોબનપુત્રા, દિગવિજયસિંહ જાડેજા, ચાંદનીબેન જાવિયા, પદ્મિનીબેન પરમાર, અજયસિંહ ચુડાસમા, કીર્તિસિંહ ઝાલા, નિધિ ચોંડાગર વગેરે એડવોકેટ ટીમ રોકાઈ છે. વકીલો દ્વારા હાલ જે ૧૦ મૃતકના પરિવારજનો એકત્ર થયા છે તેની પાસેથી મૃતકના તમામ આધાર પુરાવા, કાગળો વગેરે એકઠા કરવામાં આવી રહ્યા છે. આગામી સમયમાં તમામ મૃતકના પરિવારને આમાં જોડવા પ્રયત્ન કરાશે.

# જામનગરમાં ૯ વર્ષના બાળકનો આપઘાત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દરેડ ફેસ-૩માં ૯ વર્ષના બાળકે ગળાફાંસો ખાઇ આપઘાત. બાળકની માતાએ સાયકલ ચલાવવા બાબતે ઠપકો આપતા બાળકે પગલું ભર્યુ હોવાનું પોલીસની તપાસમાં ખુલવા પામતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે બાળકના મૃતદેહને જી.જી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.જામનગર પાસેના દરેડમાં ફેસ-૩માં એમ.પી.થી કામધંધા અર્થે આવેલા અને કારખાનામાં કામ કરતા પરપ્રાંતિય મહિલા પુજાબહેન તેના પરીવારનું ગુજરાન ચલાવી રહ્યા છે, તેના પરિવારમાં બે બાળકો છે, જેમાં એક મોટી દીકરી અને ૯ વર્ષનો લકકી નામનો બાળક છે.પુજાબહેનના પતિ કોમલકુમાર જાટવ મધ્યપ્રદેશમાં રહે છે. જયારે બન્ને બાળકો માતા સાથે દરેડમાં વસવાટ કરે છે. ત્યારે શનિવારના પુજાબહેનના ૯ વર્ષના બાળક લકકીએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. બનાવના પગલે પોલીસ દરેડ ફેસ-૩માં દોડી ગઇ હતી અને બાળકે કયાં કારણોસર આ પગલું ભર્યુ તે અંગે તપાસ હાથ ધરી હતી. જેમાં માતાની પુછતાજમાં જાણવા મળ્યું કે, બાળક અવાર-નવાર સાયકલ લઇને ઘરની બહાર નિકળી જતો હતો અને બપોર સુધી ઘરે ન આવતો હોવાથી માતાને ભારે ચિંતા રહેતી હોવાથી બાળકને ઠપકો આપતા બાળક તેની ઉપરની ઓરડીમાં જતો રહ્યો હતો.તેની માતા જમવા માટે તેને બોલવવા ઓરડીમાં જતાં બાળકે તેના દુપટા વડે ગળાફાંસો ખાઇ લેતા તેના પગની નીચેથી જમીન સરકી ગઇ હતી અને માતાના આક્રંદથી આજુબાજુના લોકો એકઠા થઇ ગયા હતાં અને આ અંગેની જાણ પોલીસને કરતા પોલીસ દોડી આવી હતી અને બાળકના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને પોલીસે માતા સહિત આજુબાજુના લોકોના નિવેદનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.નવું વર્ષના બાળક ના બાળકના આપઘાતની વાત પોલીસને પણ હજુ થોડી શંકાસ્પદ લાગી રહી છે પરંતુ તેઓ સવારે પોસ્ટમોર્ટમ થાય તેની રાહ જોઈ રહી છે કારણ કે બાળક આ રીતે આપઘાત કરે તે માનવામાં આવી રહ્યું નથી આખા કેસનો દારૂમદાર પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર હાલ અટકેલો છે પોલીસ તેની રાહ જોઈ રહી છે

# જામનગર હાપામાં ચારણ યુવકની હત્યા નિપજાવનાર આરોપી સગીર નીકળતા રાજકોટના બાળસુધાર ગૃહના હવાલે કરાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક હાપા ખારી વિસ્તારમાં રહેતા એક ચારણ યુવાન પર સ્થાનિક બાવરી શખ્સે છરી વડે હુમલો કરી દઈ હત્યા નીપજાવી હતી, જે પ્રકરણમાં અનૈતિક સંબંધો કારણભૂત હોવાનું સામે આવ્યું હતું, જે આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે, અને તે સગીર વયનો હોવાથી તેને રાજકોટ બાળ સુધાર ગ્રહમાં મોકલી દેવાયો છે.જામનગર નજીક હાપા ખારી વિસ્તારમાં રહેતા વિજસુર ધાનસુર વીર નામના ૨૧ વર્ષના ચારણ યુવાન પર શનિવારે બપોરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં હાપા ખારી વિસ્તારમાંજ રહેતા એક બાવરી શખ્સે જૂની અદાવતનું મનદુઃખ રાખીને છરી વડે હુમલો કરી દઈ હત્યા નિપજાવી હતી.જે પ્રકરણમાં પંચકોશી એ. ડિવિઝનના પીએસઆઈ એ. કે. પટેલ અને તેમની ટીમે બાવરી શખ્સ સામે હત્યા અંગેનો ગુનો નોંધ્યો હતો. પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી હતી, દરમિયાન તેની ઉંમર પુખત વયની નહીં હોવાનું અને તે સગીર વયનો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, તેથી પોલીસે તેને રાજકોટ બાળ સુધાર ગ્રહ માં રજૂ કરી ત્યાં મોકલી દેવામાં આવ્યો છે. ઉપરાંત હત્યા મા વપરાયેલી છરી કબજે કરી છે.

# માધાપર ગામમાં ઝેરી દવા પી લેતા યુવતીનું સારવારમાં મોત

## બેડી ચોકડી પાસે ઝેરી દવા પી લેનાર વૃધ્ધે હોસ્પિટલના બિંછાને દમ તોડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલ માધાપર ગામમાં રહેતી ૨૦ વર્ષિય યુવતીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ માધાપર ગામમાં ક્રાઈસ્ટ હોસ્પિટલ સામે રહેતી જ્યોતિબેન મોહનભાઈ મક્વાણા (ઉ.વ.૨૦)નામની યુવતીએ ગઈકાલે સાંજે ૫ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા બેભાન હાલતના સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તેની ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હોવાનું તબીબોએ જાહેર કરતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. બનાવ અંગેની જાણ ગાંધીગ્રામ પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં મોરબી રોડ પર ખોડલ પાર્કમાં રહેતા નાગજીભાઈ રામજીભાઈ સોજીત્રા (ઉ.વ.૬૦)નામના વૃધ્ધ ગઈ તા.૧૭/૬ના બપોરના બે વાગ્યે પોતે બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફના રસ્તે આવેલ એચપીના પેટ્રોલપંપ પાસે કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા પ્રથમ સારવાર ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ગઈકાલે તેનું ચાલુ સારવાર દરમિયાન હોસ્પિટલના બિંછાને મોત થયું હોવાનું તબીબોએ જાહેર કર્યું હતું. બનાવ અંગેની જાણ બી-ડિવિઝન પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ અજયભાઈ નિમાવતે પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

# જાહેરમાં મારામારી કરનાર ચાર શખ્સોને દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ

**મુખ્ય સમાચાર રાજકોટ**



શહેરના માલવિયાનગર વિસ્તારમાં જાહેરમાં મારામારી કરનાર લક્ષ્મીનગરનો હાર્દિક ભુપત ભટ્ટ, મવડી મેઈન રોડ પર શ્રીનાથજી સોસાયટીનો પાર્થ ઉર્વીક મહેતા વિશ્નગરનો રાજેશ ઉર્ફે રાજ અનિલ સગપરીયા, લક્ષ્મીનગરનો યશ રાજેશ મહેતા સહિતના ચાર શખ્સોને ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એસ.ગરચર, કોન્સ્ટેબલ હરપાલસિંહ, મહેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે દબોચી લઈ કાયદાનું ભાન કરાવી કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાવનગરમાં નારી ચાર રસ્તા પાસે રૂ.૩૫.૪૭ લાખનો દારૂભરેલો ટ્રક ઝડપાયો

## એસએમસીની ટીમે ચોક્કસ બાતમીના આધારે સીતારામ આઈમાતા હોટલના કમ્પાઉન્ડમાં દરોડો પાડી રૂ.૫૫.૫૭ લાખના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાઈવરને ઝડપી લીધો : અન્ય છ ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભાવનગરમાં એસએમસીની ટીમે દરોડો પાડી રૂ.૩૫.૪૭ લાખનો દારૂ ભરેલા ટ્રક સાથે ડ્રાઈવરને દબોચી લઈ લેતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે અન્ય છ શખ્સોની શોધખોળ આદરી છે. ટ્રક સહિત રૂ.૫૫.૫૭ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે. આ અંગેની માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલના ડી.વાય.એસપીએ કે.ટી.કામણીયાની સુચનાથી પીએસઆઈ એમ.એચ.સીનોલ અને તેની ટીમના માણસો ભાવનગર જિલ્લામાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે નારી



ચાર રસ્તાથી સીદસર રોડ વરતેજ પાસે આવેલ સીતારામ આઈમાતા હોટલના કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે પંજાબનો બલવંતસિંગ દિલબાગસિંગ ખાગરાને દબોચી લઈ ટ્રકની તલાશી લેતા તેમાંથી ૧૯૩૫૬ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૩૫.૪૭ લાખનો જથ્થો મળી આવતા પોલીસે ટ્રક સહિત કુલ રૂ.૫૫.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી જયપુરથી દારૂનો જથ્થો મોકલાવનાર કાલુ નિલ ભાખોત્રા, અનિલ ઉર્ફે પાણીયા જગદીશ પંડયા દારૂનો જથ્થો મંગાવનાર સંજયસિંહ ઉર્ફે ભાણુભા સહદેવસિંહ સરવૈયા, કુમારસિંહ ઉર્ફે દિગ્પાલસિંહ ગોહિલ તથા બે મોબાઈલ નંબર વાળા શખ્સો સહિત છ બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે.

# ગેમઝોનની ઘટનામાં બહેન ગુમાવનાર ભાઈ ન્યાય માટે રસ્તા પર ઉતરતા પોલીસે અટકાયત કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બંધના એલાનને પગલે પીડિત પરિવારના સભ્યો પણ ન્યાય માટે જોડાયા હતા પરંતુ પોલીસે બહેન ગુમાવનાર ભાઈની પણ અટકાયત કરી લેતા હોબાળો મચી ગયો હતો બહેન ગુમાવનાર ભાઈએ અમે ન્યાય માટે રસ્તા ઉપર ઉતર્યા છીએ અને સરકાર ભ્રષ્ટાચાર કરે છે તેવો આક્ષેપ કર્યો હતો.



પીડિત પરિવારોને ન્યાય અપાવવાની માંગ સાથે બંધના એલાનને પગલે શહેરમાં મોટાભાગે વેપારીઓ બંધમાં જોડાયા હતા દરમિયાન અગ્નિકાંડમાં જીમ ગુમાવનાર આશા કાથડનો ભાઈ પણ ન્યાય માટે રસ્તા ઉપર ઉતર્યો હતો હદ તો ત્યારે થઇ ગઈ કે બહેન ગુમાવનાર ભાઈને પણ પોલીસે છોડયો ન હતો તેણે આક્રોશ સાથે જણાવ્યું હતું કે એક મહિનો થઈ ગયો છતાં ન્યાય માટે અમારે રસ્તા ઉપર ઉતરવું પડ્યું છે અને પોલીસ અમને હટાવી રહી છે સરકાર ફક્ત ને ફક્ત ભ્રષ્ટાચાર કરે છે મારી બહેન ગઈ છે તમે શું ન્યાય અપાવવાના છો કહી રોષ ઠાલવ્યો હતો.

# મોરબી રોડ પર રેલ્વેના બ્રિજ પાસે ટ્રક ચાલકે ઠોકરે ચડાવતા સાયકલ સવાર વૃધ્ધનું મોત

## પેટ્રોલ પંપમાં નોકરી કરતા વૃધ્ધ બપોરના ઘરે જમવા આવ્યાને કાળ આંબી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર ઉત્સવ સોસાયટીમાં રહેતા વૃદ્ધ જમીને પેટ્રોલ પંપમાં નોકરી ઉપર જતા હતા ત્યારે મોરબી રોડ ઉપર વેલનાથપરાની સામે ઓવરલોડ ટ્રક ચાલકે વૃદ્ધની સાઇકલને ઠોકરે ચડાવી વૃદ્ધને કચડી નાખ્યા હતા. વૃદ્ધનું -ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.





આ અંગેની માહિતી મુજબ જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર જકાતનાકા પાસે આવેલી ઉત્સવ સોસાયટીમાં રહેતા કેશુભાઈ ખોડાભાઈ ભેસાણીયા નામના ૬૦ વર્ષના વૃદ્ધ બપોરના અઢી વાગ્યાના અરસામાં સાયકલ લઈને મોરબી રોડ ઉપર વેલનાથપરાની સામે રેલવે બ્રિજ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી ધસી આવેલા અવરલોડ ટ્રકના ચાલકે કેશુભાઈ ભેસાણીયાને ઠોકરે ચડાવતા કેશુભાઈ ભેસાણીયા સાયકલ સહિત ફંગોળાયા હતા અને કેશુભાઈ ભેસાણીયા ઉપર ટ્રકનું તોતિંગ વ્હીલ ફરી વળતા કેશુભાઈ ભેસાણીયાનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ અને પરિવારજનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. અને અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને ઝડપી લીધો હતો. પ્રાથમિક પૂછપરછમાં કેશુભાઈ ભેસાણીયા ત્રણ ભાઈમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. કેશુભાઈ ભેસાણીયા પોતાના ઘર નજીક આવેલા પેટ્રોલ પંપમાં નોકરી કરતા હતા અને બપોરના અરસામાં ઘરે જમવા આવ્યા હતા અને જમીને સાયકલ લઇ પરત નોકરી ઉપર જતા હતા ત્યારે ઓવરલોડ ટ્રક કાળ બનીને ત્રાટક્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલોસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગેમઝોનના સ્થળે મૃતકોને શ્રદ્ધાંજલી અર્પણ કરતા ધારાસભ્ય અને કોંગી કાર્યકરો

## અગ્નિકાંડના ૨૭ મૃતકોને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિત કોંગ્રેસના કાર્યકરોએ મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અપઃ પીડિત પરિજનો કાટમાળ પાસે પહોંચતાની સાથે પોક મૂકી ધૂસકે ને ધૂસકે રડ્યાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડને એક મહિનો પૂર્ણ થયો છે. ત્યારે પીડિત પરિવારો તેમજ કોંગ્રેસ દ્વારા અગ્નિકાંડના ઘટનાસ્થળે આવી મીણબત્તી પ્રગટાવી મૌન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સમયે ઘટના સ્થળે પહોંચતાની સાથે મૃતકોના પરિવારજનોને પોતાના સ્વજનની યાદ આવી જતા તેઓ ધુસકે ધુસકે રડી પડયા હતા અને તેમના લાડકવાયાની યાદમાં તેઓના આંસુ સરી પડયા હતા. તો છેલ્લા ૨૫ દિવસથી રાજકોટમાં રહી પીડિતોને ન્યાય અપાવવા લડત ચલાવનાર વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા હવે આગામી સમયમાં ગાંધીનગર ખાતે સીધા મુખ્યમંત્રી પાસે ગુજરાતની દરેક દુર્ઘટનાના પીડિતોને સાથે રાખી ન્યાયની માગ સાથે રજૂઆત કરવામાં આવશે.

મે ૨૦૨૪ના રોજ સાંજના ૫.૩૪ વાગ્યે આગ લાગવાની ઘટના બની હતી અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. સવારે રાજકોટ બંધનું એલાન બાદ સાંજના કોંગ્રેસ દ્વારા પીડિત પરિવારોને સાથે રાખી અગ્નિકાંડના ઘટના સ્થળે મીણબત્તી પ્રગટાવી મૌન પાડી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ગેમઝોનમાં નોકરી કરતી અને અગ્નિકાંડમાં મૃત્યુ પામેલી આશા કાથડના માતા ગીતાબેન કાથડ ઘટના સ્થળે પહોંચતાની સાથે જ ધુસકેને ધુસકે રડી પડયાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, આશાની અમને યાદ ખૂબ જ આવે છે.

રાજકોટ ઝટક ગેમઝોન અગ્નિકાંડમાં આજથી બરાબર એક મહિના પહેલા ૨૫ તેની યાદ ભૂલાતી નથી અને આખી જિંદગી નહીં ભૂલાય. એ મારી દીકરા જેવી દીકરી હતી. અમને કમાઇને ખવડાવતી હતી. દીકરી હતી છતાં એમ કહેતી પપ્પા હું તમારો દીકરો જ છું, તમે ઉપાધિ કરોમાં.. અમને આવી ખબર ન હતી કે, આ ગેમઝોન મારી દીકરીને ખાઈ જશે તો એને અહીંયા આવવા જ ન દેત..


છેલ્લા ૨૫ દિવસથી રાજકોટમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે લડત ચલાવી રહેલા વડગામના કોંગ્રેસના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી દ્વારા લડત ચડાવવામાં આવી રહી છે. તેમણે ૩ દિવસના ધરણાં સાથે ઉપવાસ આંદોલન ચલાવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ વિસ્તારમાં પત્રિકા વિતરણ કરી હતી અને આજે પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે રાજકોટનું બંધનું એલાન આપ્યું હતું અને સાંજે મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી આગામી સમયમાં ગાંધીનગર ખાતે ગુજરાતની તમામ દુર્ઘટના જેવી કે, મોરબીની ઝૂલતા પુલ દુર્ઘટના, તક્ષશિલા કાંડ, હરણી કાંડ, રાજકોટ ગેમઝોન કાંડ સહિત તમામ દુર્ઘટનાના પીડિત પરિવારજનોને સાથે રાખી ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ બોલાવી રજૂઆત કરવામાં આવશે. આ લક્ત પુરી નથી થઈ રહી જયાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત ચલાવીને ન્યાય અપાવીને રહીશું.

# સાંગણવા ચોકમાં દુકાન ખાલી કરવાના પ્રશ્ને બહેને ભાઈ પર કર્યો હુમલો

## બહેને વજનદાર વસ્તુ માથામાં ઝીંકી દેતા પ્રૌઢને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાંગણવા ચોક પાસે નીલદીપ હોટેલ વાળી બિલ્ડીંગમાં ઓફિસ ખાલી કરવા બાબતે બહેને તેમના વૃદ્ધ ભાઈને વજનદાર વસ્તુ માથામાં ઝીંકી દેતા તેમને લોહી લુહાણ હાલતમાં અહીંની હોસ્પિટલે સારવાર અર્થે ખસેડાયા છે. આ અંગે એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.



આ અંગેની માહિતી મુજબ ધમેન્દ્રરોડ પર કબા ગાંધીના ડેલા પાસે રહેતા અને જમીન મકાન લે-વેંચનું કામ કરતા અરૂણભાઈ કાનજીભાઈ ગોંડલીયા (વાણંદ) (ઉ.વ.૫૯) એ ફરિયાદમાં તેમના બહેન વર્ષાબેન કાનજીભાઈ ગોંડલીયાનુ નામ આપતા તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. અરૂણભાઈએ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે તેઓ સવારે પોતાની સાંગણવા ચોક પાસેની કે.એચ. ગોંડલીયા એન્ડ સન્સ નામની ઓફિસમાં કામ પુરૂ કરી ઘરે ગયા હતા. અને બાદમાં રાત્રીના સમયે ઓફિસે થઈ તાળુ ખોલતા ત્યારે કોઈએ તાળામાં કેમીકલ નાખ્યુ હતુ જેથી તેઓ ઓઈલ લેવા ગયા ત્યારે તેમના બહેન વર્ષાબેને માથાકુટ કરી કે તુ મારા લગાવેલા તાળા ઓફિસમાંથી કેમ ખોલે છે. તેમ કહી બોલાચાલી કરવા લાગ્યા હતા અને તેમના બહેને કાંઈક વજનદાર વસ્તુ માથામાં મારતા લજા થઈ હતી બાદમાં અરૂણભાઈ પોતાની ઓફિસમાં જતા રહ્યા હતા અને ત્યાંથી પત્નીએ સિવિલમાં ખસેડતા સારવાર લઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સરકારી હોસ્પિટલમાં તબીબ પર હુમલો કરનારને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોરબંદરની સરકારી ભાવસિંહજી હોસ્પિટલમાં તબીબ પર હુમલો કરનારા અસામાજિક તત્વોને પોલીસ દ્વારા કાયદાનું ભાન કરાવવામાં આવ્યું છે. પોરબંદરના સરકારી હોસ્પિટલના સિવિલ સર્જન ડોક્ટર અનિરુદ્ધ તિવારીએ જણાવ્યું કે ગતરાત્રીના લોકો ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો અને તેમના સાથીઓએ તબીબ અને સ્ટાફ સાથે ગેરવર્તન કરી અને ડોક્ટર ભરત તાવરી પર હુમલો કર્યો હતો. આ મામલે કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વધુમાં



પોરબંદરના જીલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ, કમલાબાગ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી. આરોપી સાગર ઉર્ફે ચિરાગ રમેશ સાદીયા, શરદ દિનેશ રાઠોડ અને અન્ય અજાણ્યા શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા . પોલીસે તેમને હોસ્પિટલમાં ફરી લઈ જઈને, ત્યાંના સ્ટાફ અને ડોક્ટરની સામે ભૂલ થઈ ગઈ હવે આ પ્રકારનું વર્તન ફરી પાછું નહીં કરીએ અમને માફ કરો'' કહી માફી મંગાવી. ડો. ભરત તાવરીએ જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા તથા અધિકારીઓ અને પોલીસ સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

# ગોંડલના ભોજપરા પાસે હોમગાર્ડ પર હીચકારો હુમલોઃ અજાણ્યા શખ્સોએ હાથ પગ ભાગી નાંખ્યા

## ગામના સરપંચ અને તેના ભાઈએ હુમલો કરાવ્યાનો પરિવારનો આક્ષેપઃ ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલથી હોમગાર્ડ જવાન પોતાની ફરજ પુરી કરી ભોજપરા પોતાના ઘરે પરત ફરતાં હતાં ત્યારે ભોજપરા ગામ નજીક રિદ્ધિ સિદ્ધિ કારખાના પાસે પહોંચતા ધસી આવેલા અજાણ્યાં શખ્સોએ ધોકા-પાઈપથી હિંચકારો હુમલો કરતાં હોમગાર્ડ જવાનના હાથ-પગ ભાંગી નાંખ્યા હતાં. બનાવ સ્થળે લોકો દોડી આવતાં આરોપીઓ નાસી છૂટયા હતાં. ગંભીર રીતે ઘવાયેલા હોમગાર્ડ જવાનને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.



આ અંગેની માહિતી મુજબ ગોંડલના ભોજપરા ગામે રહેતાં અને હોમગાર્ડમાં ફરજ બજાવતા બાબુભાઈ કરશનભાઈ સરવૈયા (ઉ.વ.૫૦) ગોંડલ માં પોતાની ફરજ પુરી કરી રાતના સમયે ભોજપરા પોતાના ઘરે પરત ફરતાં હતાં ત્યારે રાતના અઢી વાગ્યાની આસપાસ ભોજપરા ગામ નજીક રિધ્ધી સિદ્ધિ ડિસ્પ્લે કારખાના પાસે પહોંચતા અચાનક અજાણ્યાં ચાર શખ્સો ધસી આવ્યાં હતાં અને અંધારાનો લાભ લઇ ધોકા- પાઈપથી હુમલો કરી જવાનના હાથ-પગ ભાંગી નાંખ્યા હતાં. બાદમાં દેકારો થતા આસપાસના વિસ્તારોમાંથી લોકો દોડી આવતાં હુમલાખોરો નાસી છૂટયા હતાં.

બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયેલ હોમગાર્ડ જવાનને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.ઈજાગ્રસ્ત અને તેમના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, સરપંચ વિપુલભાઈ પરમાર, તેમના ભાઈ હિતેષભાઈ પરમાર અને તેમના માણસોએ આ હુમલો કર્યો છે. જો કે સરપંચ વિપુલભાઈ પરમારે જણાવ્યું કે, તેઓ ચાર દિવસથી બહારગામ છે. આજે તેઓ આબુ ખાતે છે. તેમણે આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે.

# જિલ્લા ગાર્ડન ચોક પાસેથી ચોરાઉ બાઈક સાથે બાબરીયા કોલોનીનો શખ્સ ઝડપાયો

## રાજકોટ અને મોરબીમાંથી કબુલાતઃ પોલીસે ત્રણ વાહનો કબ્જે કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પોલીસે પોકેટકોપ એપ્લીકેશનની મદદથી ત્રણ ચોરાઉ મોટર સાયકલ સાથે એક તસ્કરને પોલીસે ઝડપી લીધો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા મિલ્કત સંબધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ સહિતના અનડીટેકટ ગુનાઓની અસરકારક કામગીરી કરવા સુચના આપી હતી. જે સૂચના મુજબ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર આર.જી.બારોટના સીધા માર્ગદર્શન હેઠળ એએસઆઈ એમ.વી.લુવા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન પો.હેડ.કોન્સ અજયભાઈ બસીયા, પો.કોન્સ. રમેશભાઈ માલકીયા, સંજયભાઈ ચોહાણને મળેલી બાતમી આધારે જીલ્લા ગાર્ડન ચોક પાસેથી હનીફશા ઇબ્રાહીમશા શાહમદાર (રહે. બાબરીયા કોલોની આવાસ ક્વાર્ટર રાજકોટ)ને ચોરાઉ એક્ટિવા સાથે ઝડપી લીધો હતો. પોકેટકોપ એપ્લીકેશન મારફતે ચેક કરતા આરોપી અગાઉ ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાનું અને હાલમા તેના કબ્જામાં રહેલ એકટીવા ગઈ તા.૨૧/૦૬/ ૨૦૨૪ ના રોજ નાગરીક બેન્ક પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાવ્યું હતું. વધુ પુછપરછમાં આરોપીએ સાતેક દિવસે પહેલા કુવાડવા રોડ મારફ્તીનગર મેઈન રોડ પર ખાનગી કલીનીક પાસેથી બાઈક અને દસેક દિવસ પહેલા મોરબીમાં સુભાષ રોડ પાસેથી એક જયુપીટરની ચોરી કરી હોવાની કબુલાત આપતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.



# ગોંડલ માર્કેટ યાર્ડમાં દુકાનને તાળા લગાવી રાજકોટના શખ્સે વેપારીને આપી ધમકી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ માર્કેટ યાર્ડમાં ભાઈ સાથે ભાગીદારીમાં દુકાન ચલાવતા પટેલ પ્રૌઢને રાજકોટના શખ્સે ધમકી આપી દુકાનને તાળા લગાવી દેતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં અંબિકા ટાઉનશીપ સ્પીડવેલ હાઈટસમાં રહેતા રમેશભાઈ જીવરાજભાઈ માંડવિયા (ઉ.વ.૫૯) નામના પટેલ પ્રૌઢે ગોંડલ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, નવા માર્કેટ યાર્ડમાં તેના ભાઈ સાથે ભાગિદારીમાં દુકાન આવેલી હોય અને ભાઈ સાથે વિવાદ થતા ભાઈના કહેવાથી રાજકોટના અંબીકા ટાઉનશીપમાં રહેતો જગદીશ નરોતમ વાછાણીએ દુકાનને તાળા લગાવી દીધા હોય જેથી ફોન કરતા આ શખ્સે ભૂંડી ગાળો આપી ધારીયું લઈ જાનથી મારી નાખવાની ધમકી આપતા ગોડલ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT